# અંકલેશ્વરના નામ. ત્રીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ.અંકલેશ્વર

ફોજદારી કેસ નંબર :– ૩૧૫૮/૨૦૨૫

–: **આંક–૧ તળે હુકમ** :–

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી :– ભારતીબેન જ્યંતિભાઇ રામુભાઇ વસાવા
રહે – નવી નગરી, અંકલેશ્વર શહેર તા.અંકલેશ્વર જી.ભરૂચ

**ગુનો :– જુગાર ધારા કલમ–૧૨એ મુજબ**

**:: ચુકાદો ::**

**૧.** સદર કામનુ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ જુગાર ધારા કલમ–૧૨એ હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદી દવારા ધોરણસરની ફરીયાદ દાખલ કરેલ અને ત્યારબાદ આરોપી સામે પુરતો પુરાવો જણાતાં આરોપી સામે હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં અત્રેની અદાલત દવારા આરોપી સામે પ્રોસેસ કરવાનો હુકમ કરેલ અને આરોપીને યોગ્ય રીતે બજવણી થઈ જતાં આરોપી હાજર થયેલ છે આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

**૨.** ઉપરોકત ગુના અંગે આરોપીએ તેનો ગુનો કબુલ કરી ગુના અંગે લેખિત કબુલાત પુરસીસ આપી જણાવે છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે કાયદાના અજ્ઞાનને લીધે તેમનાથી ગુનો થઈ ગયેલ છે તેથી ભવિષ્યમાં આવો ગુનો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી છોડી મુકવા અરજ કરેલ છે. આરોપીઓ તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોઈ તે નોંધી,પરંતુ આરોપીની કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેથી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપીએ રાજીખુશીથી ગુનો કબુલ કરે છે તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. વધુમાં, આરોપીએ તથા તેમના વિ.વ.શ્રીની રજુઆત છે કે આરોપી ગરીબ વર્ગના છે અને તેમની પ્રતિકુળ સામાજીક પરિસ્થીતીને કારણે તેઓ આ પ્રકારનો ગુન્હો કરી બેઠેલા છે. વધુમાં રજુઆત છે કે આરોપી રોજે–રોજ કમાય છે અને રોજે–રોજ ખાય છે અને કોરોના મહામારી બાદ રોજગારી મેળવવામાં મુશ્કેલી થાય છે જેથી હળવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

**3.** વધુમાં સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ પોતાના અંગત ફાયદા સારુ જુગાર રમી રમાડી પકડાઈ ગયેલ હોવાનો આક્ષેપ છે. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદી, સાહેદ પંચો વિગેરેનાઓને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે તો આરોપીને સજા થાય. ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે આરોપીઓને સજા અંગે ન્યાયીક નિર્ણય કરવામાં આવે તેના બદલે જો આરોપીઓ હાલનો ગુનો કબુલ કરે છે ત્યારે તેણે ગુના કબુલ સંદભે રજુ કરેલી હકીકતોને સાથે સરકાર તથા કોર્ટનો સમય બચે છે જે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઇઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે સ્વેરછાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો તથા પરિસ્થિતિઓને ધ્યાને લઈ દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે.ઉપરોકત સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીને જુગાર ધારા કલમ–૧૨ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂપિયા ૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા)નો દંડ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી.

આ હુકમ આજરોજ ૧૪ તારીખ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬ (વી.વી. શુકલા)
સ્થળ :– અંકલેશ્વર ત્રીજા એડી. ચીફ જયુ. મેજી., અંકલેશ્વર
(જજ કોડ – જી જે ૦૧૩૪૩)